BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

ટોચ અગ્રતા

પરિપત્ર:-

વિષય : જુનાગઢ જીલ્લા સ્થિત કોલેજમાંથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ માટે કેમ્પસ એમ્બેસેડરની નિયુક્તી કરીને નામ મોકલી આપવા બાબત.
સંદર્ભ : (૧) રીજીયોનલ ડાયરેક્ટરશ્રી, એન.એસ.એસ. સેલ, અમદાવાદના પત્રક્રમાંક પી.૨૭/૧/૨૦૨૨/રાસેયો/ગુજ/૧૪૩૧૦૧૪૮૪ તા.૮/૭/૨૦૨૨
(૨) સામાન્ય વહિવટ વિભાગના પત્ર ક્રમાંક-ઇએલસી–૧૦૨૦૨૨-૩૪૮-છ (SVEEP) તા ૦૭/૦૭/૨૦૨૨
(૩) મદદનીશ મતદાર નોંધણી અધિકારી ૮૬- જુનાગઢ વિધાનસભા મતવિસ્તારનાં પત્ર ક્રમાંક ચટણ/મતય/કેમ્પસ એમ્બેસેડર્સ/૨૦૨૨-૨૩/૦૭/૨૦૨૨ તા. ૨૬/૦૭/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જુનાગઢ જીલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર્સને જણાવવાનું કે લોકશાહી ચુંટણી પ્રક્રિયામાં લોકોની ભાગીદારી વધે તેવા પ્રયત્નોના ભાગરૂપે ચુંટણીપંચ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ થી મતદાર કેળવણી અને ચુંટણી સહભાગીતા (SVEEP) અંતર્ગત રાજ્યમાં યુવા, મહિલા મતદારો ચુંટણી પ્રક્રિયામાં સક્રિય બને તે માટે શૈક્ષણિક સંસ્થાઓમાં એન.એસ.એસ.નાં સ્વયંસેવકો પૈકી કેમ્પસ એમ્બેસેડરની નિયુક્તિ કરવા માટે સૂચના આપવામાં આવેલ છે, જે અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે આપની કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતા એન.એસ.એસ. સ્વયંસેવકોમાંથી ૧ મહિલા કેમ્પસ એમ્બેસેડર તેમજ ૧ પુરૂષ કેમ્પસ એમ્બેસેડર એમ કોલેજ દીઠ બે સ્વયંસેવકોની પસંદગી કરીને નીચે દર્શાવેલ ફોર્મેટમાં તા.૨૮/૦૭/૨૦૨૨નાં રોજ સવારે ૧૦:૦૦ વાગ્યા સુધીમાં કચેરીના ઈ-મેઈલ aerojndcity@gmail.com પર તેમજ એક નકલ અત્રેની યુનિવર્સીટીનાં એન.એસ.એસ. વિભાગના મેઇલ nssbknmu@gmail.com પર જાણ અર્થે અચૂક મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં જે કોલેજોમાં એન.એસ.એસ.નાં સ્વયંસેવકો ના હોય તે કોલેજોમાંથી વિદ્યાર્થીની કેમ્પસ એમ્બેસેડર તરીકે પસંદગી કરી મોકલી આપવાની રહેશે. તેમજ સામાન્ય વહીવટી વિભાગના પત્ર ક્રમાંક-ઇએલસી–૧૦૨૦૧૩–૩૫૭૬–છ તા ૧૯/૦૮/૨૦૧૩ અન્વયે એન.એસ.એસ. સ્વયંસેવકમાંથી કેમ્પસ એમ્બેસેડરની નિયુક્તિ કરવા માટે જે સ્વયંસેવકની પસંદગી કરવામાં આવે તે સ્વયંસેવકના ચારિત્ર્યના પૂર્વ ઇતિહાસની ચકાસણી પોલીસ મારફતે આપની કક્ષાએથી અચૂક કરાવવાની રહેશે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | મો.નં. | હાલનું રહેઠાણનું સરનામું | ચુંટણી કાર્ડ નં. | કોલેજનું નામ & સરનામું |
|---|---|---|---|---|---|
| | | | | | |

કા. કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૧૭૭/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા. ૨૭/૦૭/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જુનાગઢ જીલ્લાની તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ......

બિડાણ : સંદર્ભદર્શિત પત્રોની નકલ

નકલ સાદર રવાના : માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

"No Voter to be left behind"

# મદદનિશ મતદાર નોંધણી અધિકારી

## ૮૬ - જુનાગઢ વિધાનસભા મતવિસ્તાર
## અને મામલતદાર કચેરી, જુનાગઢ શહેર

તાલુકા સેવા સદન, સરદારબાગ સામે, જુનાગઢ. ફોન નં. ૦૨૮૫-૨૬૩૬૦૧૧
E-mail : aerojndcity@gmail.com

નં.ચટણ/મતય/કેમ્પસ એમ્બેસેડર્સ/૨૦૨૨-૨૩/૦૭/૨૦૨૨ — તા.૨૬/૦૭/૨૦૨૨

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ.

**વિષય :- શૈક્ષણીક વર્ષ : ૨૦૨૨-૨૩ માટે કેમ્પસ એમ્બેસેડર્સની નિયુકિત કરવા બાબત.**
**સંદર્ભ :- મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરના તા.૦૭/૦૭/૨૦૨૨ ના પત્ર ક્રમાંક : ઈએલસી/૧૦૨૦૨૨/૩૪૮/છ(SVEEP)**

સવિનય,

ઉપરોકત વિષય પરત્વેના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી, ગુજરાત રાજયના સંદર્ભીત પત્રની વિગતે જણાવવાનું કે, ઉચ્ચ શૈક્ષણીક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં મતદાન અંગેની જાગૃતતા આવે તથા તેઓને મતદાન પ્રક્રિયાને લગત પ્રશ્નોનું સંસ્થા ખાતે જ માર્ગદર્શન મળી રહે તે માટે ચાલુ શૈક્ષણીક વર્ષ : ૨૦૨૨-૨૩ માટે દરેક ઉચ્ચ શૈક્ષણીક સંસ્થાઓ ખાતે બીજા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પૈકી NSS સ્વયંસેવક તથા જયાં NSS સ્વયંસેવક ઉપલબ્ધ ન હોય ત્યાં સદરહુ કામગીરી કરી શકે તેવા ઉત્સાહી અને સ્વેચ્છા એ સદરહુ કામગીરી કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓની કેમ્પસ એમ્બેસેડર્સ તરીકે નિમણુંક કરવાના કામે આપના હસ્તકની જુનાગઢ(શહેર) તાલુકામાં આવેલ તમામ સરકારી/ખાનગી કોલેજો ખાતેથી ૧-૧ વિદ્યાર્થીને કેમ્પસ એમ્બેસેડર તરીકે નિમણુંક આપવાના કામે નીચે મુજબના પત્રકમાં તેમની સંસ્થાના વિદ્યાર્થીની માહિતી તૈયાર કરી દિન-૨ માં અત્રેની કચેરીના ઈ-મેઈલ **"aerojndcity@gmail.com"** પર મોકલી આપવા આપની કક્ષાએથી તમામને જરૂરી સુચનાઓ અપાઈ જવા વિનંતી છે.

સદરહુ કામગીરી રાષ્ટ્રીય કામગીરી હોય આ કામગીરીને ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

| ક્રમ | વિદ્યાર્થીનું પુરૂ નામ | મો.નંબર | હાલના રહેઠાણનું પુરૂ સરનામું | ચુંટણીકાર્ડ નંબર | કોલેજનું પુરૂ નામ તથા સરનામુ |
|---|---|---|---|---|---|
| | | | | | |

not sign by mam.

મદદનીશ મતદાર નોંધણી અધિકારી
૮૬-જુનાગઢ વિધાનસભા મ.વિ. અને
મામલતદાર, જુનાગઢ(શહેર)

**નકલ સવિનય રવાના :-**
શ્રી મતદાર નોંધણી અધિકારી ૮૬-જુનાગઢ વિ.સ.મ.વિ. અને પ્રાંત અધિકારી સાહેબ, જુનાગઢ.



Scanned with CamScanner

ई.मेल द्वारा

मि.संख्या: पी.27/1/2020/रासेयो/गुज/ 1631 to 1684

भारत सरकार

युवा कार्यक्रम एवं खेल मंत्रालय

राष्ट्रीय सेवा योजना क्षेत्रीय निदेशालय

2सरा तल, पाटनगर योजना भवन

एलिसब्रिज, अहमदाबाद-380 006

दिनांक: 08 जुलाई , 2022

प्रति

राज्य रासेयो अधिकारी,
उच्च शिक्षण आयुक्त कार्यालय,
गुजरात सरकार, पुराना सचिवालय,
ब्लॉक सं.12/2, डा. जिवराज मेहता भवन,
गाँधीनगर, गुजरात।

विषय: शैक्षणिक वर्ष : 2022-23 के लिए कैम्पस् एम्बेसडर की नियुक्ति बाबत।

महोदय,

उपरोक्त विषयांतर्गत अतिरिक्त मुख्य निर्वाचन अधिकारी, गुजरात के पत्रांक ईएलसी-102020-348-CHH(SVEEP) दिनांक 7.7.2022 की प्रति, जो कि स्वत: स्पष्ट है, आपकी सूचना हेतु साथ में संलग्न है।

इस संबंध में आपसे अनुरोध है कि सभी रासेयो कार्यक्रम समन्वयकों अपने कार्य-क्षेत्र के सभी संस्थानों से संदर्भित पत्र में दिए गए निर्देशों के अनुसार राष्ट्रीय सेवा योजना के सक्रिय स्वयंसेवकों (द्वितीय वर्ष) की जिला नोडल अधिकारी की देख-रेख में कैम्पस् एम्बेसडर के रूप में नियुक्ति करें और चयनित कैम्पस् एम्बेसडरों का जिलेवार विवरण संदर्भित पत्र में दिए गए प्रपत्र में (in Excel Sheet format) जिला कलेक्टर को दिनांक 30 अगस्त, 2022 तक भेजने का कष्ट करें।

जिला कलेक्टर को भेजे गए कैम्पस् एम्बेसडरों के जिलेवार विवरण की एक प्रति इस कार्यालय और अतिरिक्त मुख्य निर्वाचन अधिकारी गुजरात, सरदार भवन, ब्लॉक सं: 7, 2 सरा तल,

सचिवालय, गॉधीनगर-382010 (Email: sveepceogujarat@gmail.com) के कार्यालय में सूचना हेतु भेजा जाना भी अपेक्षित है।

कार्य को प्राथमिक रूप से पूर्ण किए जाने का अनुरोध है।

भवदीय,

संलग्नक: यथोपरि।

(गिरधर उपाध्याय)
क्षेत्रीय निदेशक

सूचना एवं उचित कार्रवाई के लिए प्रतिलिपि:-

1. अतिरिक्त मुख्य निर्वाचन अधिकारी, गुजरात, सरदार भवन, ब्लॉक सं: 7, 2सरा तल, सचिवालय, गॉधीनगर-382010।
2. गुजरात राज्य के सभी रासेयो कार्यक्रम समन्वयक।

ELECTION IMMEDIATE


# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER
GUJARAT STATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.


**No.ELC-102022- 348 -CHH (SVEEP)** **Date : 07.07.2022**

To

Regional Director,
National Service Scheme,
NSS Regional Centre,
2nd Floor, Patnagar Yojana Bhavan,
Ellisbridge, Ahmedabad-380006

**Subject:** Appointment of Campus Ambassador amongst NSS volunteers for Educational Year 2022-23

Sir

Systematic Voter Education and Electoral Participation (SVEEP) is a campaign of multi interventions in different modes and mediums to increase Voters' awareness and their participation in the Electoral Process. Voters are the central stakeholders in Electoral Process in a democratic setup and to increase their awareness and participation in systematic planning. In this regard Election Commission of India has implemented the SVEEP program and focused mainly on young voters who complete 18 years at the qualifying date should be targeted to ensure enrollment and motivate them for their active participation in Electoral Process. The Election Commission of India instructed to appoint a Campus Ambassador in each University Campus, University affiliated Colleges, and other Higher Educational Institutions preferably among the NSS volunteers.

In view of the above, the appointment of Campus Ambassador should preferably be from the academic II year students. In this regard, a fresh Campus Ambassador has to be appointed in Educational Institutions for the educational year 2022-23. You are, therefore, requested to make the necessary arrangement to provide a list of NSS volunteers to whom to be appointed as Campus Ambassador in all higher educational institutes to all Collector and District Election Officers positively under intimation to this department.

Yours faithfully,

(R.K.Patel)
Additional Chief Electoral Officer,
Gujarat State

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER
GUJARAT STATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No. : 079-23250324
079-23250319

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010


**ક્રમાંક- ઈએલસી-૧૦૨૦૨૨-૩૪૮-છ (SVEEP)** **તા. ૦૭.૦૭.૨૦૨૨**

**પ્રતિ,**

કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી (સર્વે)

**વિષય :** શૈક્ષણિક વર્ષ : ૨૦૨૨-૨૩ માટે કેમ્પસ એમ્બેસેડર ની નિયુક્તિ કરવા બાબત...

**શ્રીમાન,**

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે,લોકશાહી ચૂંટણી પ્રક્રિયામાં લોકોની ભાગીદારી વધે તેવા પ્રયત્નોના ભાગરૂપે ચૂંટણી પંચે વર્ષ ૨૦૧૩-૧૪ થી મતદાર કેળવણી અને ચૂંટણી સહભાગિતા (SVEEP) અંતર્ગત રાજ્યમાં યુવા, મહિલા મતદારો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય બને તે માટે શૈક્ષણિક સંસ્થાઓમાં NSSના સ્વયં સેવકો પૈકી કેમ્પસ એમ્બેસેડર ની નિયુક્તિ કરવા માટે ચૂંટણી પંચના તા.૨૦.૦૯.૨૦૧૩ના પત્ર ક્રમાંક : 491/SVEEP/60/2013(CA) થી સ્થાયી સુચનાઓ આપવામાં આવેલ છે. ઉક્ત પત્રના અનુસંધાનમાં આ વિભાગના તારીખ : ૧૯-૦૮-૨૦૧૩ તથા તા.૦૮-૧૦-૨૦૧૩ ના પત્ર ક્રમાંક- ઈએલસી-૧૦૨૦૧૩-૩૫૭૬-છ(SVEEP) તેમજ આ અંગે વખતોવખત વિગતવાર સુચનાઓ આપવામાં આવેલ છે. જે અન્વયે ગત શૈક્ષણિક વર્ષ દરમિયાન રાજ્યની ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં નિયુક્ત કરવામાં આવેલ કેમ્પસ એમ્બેસેડર્સ ની નિયુક્તિ રદ કરી આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે નવેસરથી કેમ્પસ એમ્બેસેડર્સ ની નિયુક્તિ કરવાની રહે છે.

કેમ્પસ એમ્બેસેડર્સ ની નિયુક્તિ માટે જે તે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાની કોઈપણ વિદ્યાશાખા ના બીજા વર્ષમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની પસંદગી કરવાની રહે છે.દરેક ઉચ્ચ શૈક્ષણિક સંસ્થામાંથી એક કેમ્પસ એમ્બેસેડર ની અચૂકપણે નિયુક્તિ થાય તે મુજબનું આયોજન કરવાનું રહેશે.સહ શિક્ષણ આપતી કોલેજમાં વિદ્યાર્થી અને વિદ્યાર્થીની એમ બે કેમ્પસ એમ્બેસેડર નીમી શકાશે. જે તે જિલ્લામાં નિયુક્ત કરવાના થતાં કેમ્પસ અમ્બેસેડર્સની સંખ્યા અંગેનું સુચિત પત્રક આ સાથે સામેલ રાખેલ છે. સ્થાનિક કક્ષાએ કોલેજોની સંખ્યાને આધીન આ સંખ્યામાં વધ ઘટ થઈ શકશે.

કેમ્પસ એમ્બેસેડર્સની નિયુક્તિ માટે જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લાના NSS કો-ઓર્ડિનેટર, રાજ્ય સ્તરે NSS ના પ્રાદેશિક અધિકારી સાથે પરામર્શમાં રહી આવી નિયુક્તિની કામગીરી તા.૨૫.૦૭.૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરી નિયુક્ત કરવામાં આવેલ કેમ્પસ એમ્બેસેડર્સ ની વિગતો આ સાથે સામેલ પત્રકમાં ( Excel Sheet માં) મોકલી આપવા વિનંતી છે.

જે તે શૈક્ષણિક સંસ્થાઓમાં NSS ના સ્વયંસેવકો પૈકી કેમ્પસ એમ્બેસેડર્સ તરીકે નિયુક્તિ આપવા માટેની યાદી NSSના રીજનલ સેન્ટર તરફથી પુરી પાડવામાં આવશે. આ સંદર્ભે યુથ ઓફિસર, NSS ના રીજનલ સેન્ટર તરફથી આપવામાં આવે તે યાદી પરના NSS સ્વયંસેવકને કેમ્પસ

એમ્બેસેડર તરીકે આપની કક્ષાએથી નિયુક્તિ આપવાની રહેશે. આ નિયુક્તિ અંગેના હુકમનો મુસદ્દો આ સાથે સામેલ રાખેલ છે. આ મુસદ્દા મુજબ સંબંધિત કેમ્પસ એમ્બેસેડરને નિયુક્તિ પત્ર આપવાનો છે.

જે શૈક્ષણિક સંસ્થાઓમાં NSS Volunteers નથી તેવી સંસ્થાઓમાં કેમ્પસ એમ્બેસેડર તરીકે નિમણૂંક માટે,તેવી સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ પૈકી શૈક્ષણિક પ્રતિભા સંપન્ન , બિન રાજકીય તથા ઉચ્ચ ચારિત્ર્ય ધરાવતા વિદ્યાર્થીને કેમ્પસ એમ્બેસેડર તરીકે નિયુક્તિ આપવાની છે.આ રીતે નિયુક્ત થયેલ કેમ્પસ એમ્બેસેડરે જે શૈક્ષણીક સંસ્થાઓમાં NSS Volunteers નથી ,તેવી સંસ્થામાં કેમ્પસ એમ્બેસેડર માટે નિયત કરવામાં આવેલ માપદંડ મુજબની કામગીરી કરવાની રહેશે. આ માટે જે તે સંસ્થાના વડા, જિલ્લા શિક્ષણાધિકારી તથા જિલ્લા ચૂંટણી અધિકારી તરફથી અધિકૃત કરવામાં આવે તે અધિકારીની કમિટિ દ્વારા કેમ્પસ એમ્બેસેડરની પસંદગીની કાર્યવાહીની હાથ ધરવાની રહેશે. કોલેજના બીજા વર્ષના વિદ્યાર્થીઓમાંથી કેમ્પસ એમ્બેસેડર તરીકે નિયુક્ત કરવાના રહેશે તથા એક વખત કેમ્પસ એમ્બેસેડર તરીકે નિયુક્ત થયા બાદ તેઓ સમગ્ર શૈક્ષણિક વર્ષ માટે આ કામગીરી બજાવશે.

**શૈક્ષણિક વર્ષ -૨૦૨૨- ૨૩ દરમિયાન કેમ્પસ એમ્બેસેડર્સ પાસેથી કરાવવાની કામગીરી બાબતે નીચેની બાબતો ધ્યાને લેવાની રહેશે :-**

- તમામ કેમ્પસ એમ્બેસેડર્સને એક ગ્રુપ બનાવી જિલ્લાકક્ષાએથી તમામ માહિતી પહોચાડી શકાય તે માટે જોડવાના રહેશે.
- કેમ્પસ એમ્બેસેડર્સ દ્વારા કરવામાં આવનાર મતદાર જાગૃતીની કામગીરી માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મસ જેમકે ફેસબૂક પેજ, વોટ્સ એપ ગ્રુપ , ઈન્સ્ટાગ્રામ , ટેલિગ્રામ ચેનલ , યુટ્યુબ ચેનલ જેવા માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવાનો રહેશે. કેમ્પસ એમ્બેસેડર્સ દ્વારા શૈક્ષણિક સંકુલના મહત્તમ વિદ્યાર્થીઓને સોશિયલ મીડિયાના માધ્યમોથી જોડવાના રહેશે.
- રાજ્ય/જિલ્લા કક્ષાએથી તૈયાર કરીને આપવામાં આવતાં તેમજ રાજ્ય/જિલ્લાના ચૂંટણી તંત્રના જુદા જુદા સોશિયલ મીડિયા પ્લેટફોર્મસ પર શેર કરવામાં આવતાં મતદાર જાગૃત્તિના ક્રિએશન્સનો કેમ્પસ એમ્બેસેડર્સ દ્વારા સંચાલિત સોશિયલ મીડિયા એકાઉન્ટસ, વોટસએપ ગ્રુપ, ફેસબૂક પેજ મારફતે શેર, રીટ્વીટ વિગેરે કરીને બહોળો પ્રચાર પ્રસાર કરવો.
- કેમ્પસ એમ્બેસેડર્સ પાસે મતદારયાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત વર્ષ દરમિયાન તા.૧ લી જાન્યુઆરી, ૧ લી એપ્રિલ, ૧ લી જુલાઈ અને ૧લી ઓક્ટોબરની તારીખે અઢાર વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા મતદાર બનવાની લાયકાત ધરાવતા તમામ વિદ્યાર્થીઓના નામની નોંધણી માટે માહિતી પુરી પાડવી અને નોંધણી માટેના જરૂરી ફોર્મ પુરા પાડવા. મહત્તમ વિદ્યાર્થીઓને તેમના નામની નોંધણી, મતદારયાદીની વિગતોમાં સુધારા જેવી પ્રક્રિયા ચૂંટણી પંચના ઓનલાઈન પોર્ટલ NVSP મારફતે કરવા અંગે વિદ્યાર્થીઓને સમજાવવા જેવી કામગીરી કરાવવાની રહેશે.
- મતદાર યાદીમાં નોંધાયેલ મતદારો ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય બને અને અચૂક તેમજ નૈતિક ધોરણે મતદાન કરે તે માટે સોશિયલ મીડિયાના માધ્યમથી પ્રોત્સાહિત કરવા.

- શિક્ષકો / ફેકલ્ટીના નામ મતદાર યાદીમાં નોંધાયેલ છે કે કેમ તેની ખરાઈ કરવી, અને જો નોંધાયેલ ન હોય તેવા શિક્ષકો / ફેકલ્ટીના નામ મતદાર યાદીમાં નોંધાય તે માટે જરૂરી કાર્યવાહી કરવી, તથા તેઓ ચૂંટણી પ્રક્રિયામાં સક્રિય બને તે માટે ઉત્તેજન આપવું અને પ્રોત્સાહિત કરવા.
- શૈક્ષણિક સંસ્થા તરફથી કેમ્પસ એમ્બેસેડર્સ દ્વારા કરવામાં આવેલ કામગીરીના અહેવાલ ને આધારે કેમ્પસ એમ્બેસેડરને માનદવેતન તરીકે રૂ.૨૦૦૦/-(વાર્ષિક) અથવા આ રકમની મર્યાદામાં રોકડ/ ચીજવસ્તુઓ જેવી કે ટોપી, જેકેટ અથવા તેના જેવી અન્ય વસ્તુઓ પ્રોત્સાહન રૂપે આપવાની રહેશે. જેનો ખર્ચ સ્વીપ ફંડમાંથી ફાળવવામાં આવનાર રકમમાંથી મેળવવાનો રહેશે.

આ વિભાગના તારીખ : ૧૯-૦૮-૨૦૧૩ ના પત્ર ક્રમાંક-ઈએલસી-૧૦૨૦૧૩-૩૫૭૬-છ (નકલ સામેલ છે) થી આપવામાં આવેલ સુચના અનુસાર નિયુક્ત થનાર કેમ્પસ એમ્બેસેડરના ચારિત્ર્ય અને પૂર્વ ઈતિહાસની ચકાસણી (Police Verification) કરાવી લેવાનું રહેશે.

અમલવારીનો અહેવાલ તા.૨૫.૦૭.૨૦૨૨ સુધીમાં અત્રે મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(આર.કે.પટેલ)
અધિક મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :

પ્રાદેશિક નિયામક, NSS રીજિયોનલ સેન્ટર,બીજો માળ, પાટનગર યોજના ભવન, એલીસ બ્રિજ,અમદાવાદ--૩૮૦૦૦૬ શૈક્ષણીક વર્ષ ૨૦૨૨-૨૩ માટે બીજા વર્ષમાં અભ્યાસ કરતાં સ્વયંસેવકો પૈકી કેમ્પસ એમ્બેસેડર તરીકે નિયુક્તિ આપવા માટે યાદી તૈયાર કરી સંબંધિત જિલ્લાને પુરી પાડવા તથા આવી યાદીની એક નકલ આ વિભાગને પણ અચૂક મોકલી આપવા વિનંતી સહ .